### વીડિયો ડોર ફોન્સ, હોમ કેમેરાની રજૂઆતને પગલે

# ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સની ૨૫ ટકાની આવક વૃદ્ધિ પર નજર

**પીટીઆઇ**
ચેન્નાઇ, તા. ૩૧

૪.૧ અબજ ડોલરનું કામકાજ ધરાવતા ગોદરેજ ગ્રુપની કંપની - ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સે વાઇફાઇ સુસંગત હોમ કેમેરા અને વીડિયો ડોર ફોન્સની રજૂઆત સાથે ચાલુ વર્ષે તેની આવકમાં ૨૫ ટકા સુધીનો વધારો કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. કંપનીએ આજે તેની વિસ્તરણ યોજનાના ભાગ રૂપે બજાર માટે ઇવ સિરિઝ અને સીથ્રુ પ્રો વિડિયો ડોર ફોન હેઠળ વાઇફાઇ સક્ષમ હોમ કેમેરા રજૂ કર્યા હતા. ગયા વર્ષે કંપનીએ ૨૨ ટકાની બિઝનેસ આવક વેચાણ વૃદ્ધિ હાંસલ કરી હતી અને ચાલુ વર્ષ માટે તે ૨૫ ટકાની બિઝનેસ આવક વૃદ્ધિનો લક્ષ્યાંક ધરાવે છે, તેમ કંપનીએ નિવેદનમાં જણાવ્યું હતું. નિવેદનમાં દાવો હતો કે કંપનીએ ઘર સુરક્ષા સેગમેન્ટમાં ૮૦ ટકાનો બજાર હિસ્સો ધરાવે છે. વિસ્તરણ યોજનાના ભાગ રૂપે કંપની તમિલનાડુમાં શ્રેણી ૨ શહેરોમાં તેની ઉપસ્થિતિ વધારવાની યોજના ઘડી છે. ચેન્નાઇ બજારમાં ગ્રાહકો સામાન્ય રીતે બ્રાન્ડ પસંદ કરે છે જે વિશ્વાસ પર નિર્માણ પામ્યું છે.

કિંમતી સુરક્ષા માટે ગ્રાહકો નામાંકિત કંપનીઓ પાસેથી રજૂઆત માટે તપાસ કરે છે.

લોકો સુરક્ષિત મશિન પર વધુ વિશ્વાસ મુકવાનું વલણ ધરાવે છે, તેમ ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સ વિભાગના વાઇસ પ્રેસિડન્ટ અને ગ્લોબલ હેડ માર્કેટીંગ સેલ્સ એન્ડ ઇનોવેશન મેહેરનોશ પીઠાવાલાએ જણાવ્યું હતું. વીડિયો ડોર ફોને નવા રહેણાંક પ્રોજેક્ટોમાં સારો ઉપાડ જોયો છે.

સામાન્ય રીતે તહેવારના સમયમાં તે હોય છે જ્યારે અમે વેચાણમાં વધારો જોઇએ છીએ. તે નવા મકાનોની ખરીદીને જોડે છે, તેમ તેમણે જણાવ્યું હતું.